॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.
૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

OPEN BOOK / REGULAR | શ્રેણી – ૩ | WRITER YES / NO

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૪૦)

**પ્ર.૧ સામાયિક–પતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. ચઉવ્વિહે **અણત્થા દંડે પન્નતે તં જહા અવજ્ઝાણાચરિયં** પમાયાચરિયં

૨. સુએ **સામાઈએ તિણ્હં ગુત્તીણં ચઉણ્હં** કસાયાણં

૩. જીવ **જાણીપ્રીછી સ્વ સંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી** વિગલેન્દ્રિય

૪. વત્થ વિહિં **વિલેવણ વિહિં પુપ્ફ વિહિં આભરણ વિહિં ધૂપ વિહિં** પેજ્જ

૫. કંખા **વિતિગિચ્છા પરપાસંડ પસંસા પરપાસંડ સંથવો બંધે** વહે

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૬)**

૧. તિત્થયરા **તીર્થંકર, તીર્થની સ્થાપના કરનારા** ૨. પાઉગ્ગો **પાપ**

૩. કાયસંફાસં **મસ્તકથી યા હાથથી સ્પર્શ** ૪. જં કિંચિ **જે કાંઈ પણ**

૫. ચિંતવનાર્થ **ચિંતન કરવા માટે** ૬. સાવગ ધમ્મસ્સ **શ્રાવક ધર્મની**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો.** **(૬)**

૧. અનુજ્ઞા આપો **અણુજાણહ** ૨. સમતારૂપ સામાયિક વિશે **સામાઈએ**

૩. ભાંગે નહિ **અભગ્ગો** ૪. નહિ આચરવા યોગ્ય **અણાયારો**

૫. ક્ષમાવંત સાધુજીઓની **ખમાસમણાણં** ૬. આજ્ઞા મળ્યેથી **અબ્ભણુણ્ણાએ સમાણે**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૮)**

૧. સાધનાનો માર્ગ શું છે? **સાધક પરમાત્માની આજ્ઞા અનુસાર શુદ્ધ ભાવપૂર્વક પ્રતિક્રમણ કરીને આત્મવિશુદ્ધિ કરે છે. આ જ સાધનાનો માર્ગ છે.** **(૮)**

૨. અનાચારની શુદ્ધિ માટે સાધકે શું કરવાનું છે? **અનાચારની શુદ્ધિ માટે ગુરુ સમક્ષ તેનું નિવેદન કરીને પ્રાયશ્ચિત્ત લેવું પડે છે.**

૩. ઉન્માર્ગ એટલે શું? આ દોષ શેના સંબંધી છે?

**જિનાજ્ઞાની પરંપરાથી વિરુદ્ધ આચરણ કરવું તે ઉન્માર્ગ છે. તે દોષ ચારિત્ર સંબંધી છે.**

૪. ઉત્કૃષ્ટ વંદના કેવી રીતે કરાય છે? **ઉત્કૃષ્ટ વંદના વિશિષ્ટ વિધિથી અહોભાવપૂર્વક કરાય છે.**

૫. વ્રતની શુદ્ધિ શેનાથી થાય? **અતિચારરૂપ દોષસેવનના ત્યાગથી વ્રતની શુદ્ધિ થાય છે.**

૬. બાધક તત્ત્વ કેટલા છે? કયા કયા?

**બાધક તત્ત્વ બે છે. ૧) વાવન્ન ૨) કુદંસણ વજ્જણા.**

૭. ઉત્કૃષ્ટ વંદનાના કયા વિભાગ છે? **ઈચ્છા નિવેદન, આજ્ઞા યાચના, સુખશાતાની પૃચ્છા, ક્ષમાયાચના.**

૮. સામાયિકની પ્રતિજ્ઞા કોની સાક્ષીએ લેવાય છે?

**સામાયિકની પ્રતિજ્ઞા ભગવાન તથા ગુરુ ભગવંત તેમ જ સ્વયંના આત્માની સાક્ષીએ લેવાય છે.**

૯. યોગ્ય વિકલ્પ પર ટીક કરો. **(૫)**

૧) પ્રતિક્રમણ શેની મહત્ત્વપૂર્ણ સાધના છે? (**આત્મશુદ્ધિ**, વ્રત, મોક્ષમાર્ગ)

૨) આગમના મૂળપાઠના અર્થો સમજવા. (તદુભયાગમે, **અત્થાગમે**, સુત્તાગમે)

૩) બાધક તત્ત્વ કોને અશુદ્ધ બનાવે છે. (સમ્યક્જ્ઞાન, **સમ્યક્દર્શન**, શ્રદ્ધા)

૪) ચારિત્રરૂપ ધર્મ એટલે (સાધુધર્મ, શ્રાવકધર્મ, **સામાયિક**)

૫) સાધુ મોક્ષમાર્ગના શું છે? (સાધક, મુસાફર, **પથિક**)

૧૦. ખાલી જગ્યા પૂરો. **(૫)**

૧) પાપસેવનના સાધન ......., ......., ...... છે. **મન, વચન, કાયા**

૨) સંક્ષેપમાં ......, ......, ...... થી સાધકની સાધના ગતિશીલ બને છે. **શ્રદ્ધા, પ્રરૂપણા, સ્પર્શના**

૩) પંદર કર્માદાન ......, ...... વ્યાપારો છે. **મહાઆરંભજન્ય, મહાહિંસક**

૪) વ્યક્તિ પોતાની મર્યાદાનું ...... કે ...... કરીને પાપ પ્રવૃત્તિનું સેવન કરે છે. **અતિક્રમણ, ઉલ્લંઘન**

(૨૦)

**પ્ર.૨ સામાન્ય સમજણ વિભાગના આધારે જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૫)**

૧. જતનાના ઉપકરણો **ગરણું, સાવરણી, પૂંજણી, નળનું ગરણું, ચાળણી, ગેસ બર્નરના ઢાંકણ.**

૨. લૌકિક પર્વ **હોળી, ધૂળેટી, ૩૧ મી ડિસેમ્બર, ઉત્તરાયણ તેમ જ અન્ય પર્વ.**

૩. કંદમૂળથી બનતી વસ્તુઓ **પોટેટો ચીપ્સ, ગાર્લિક બ્રેડ, ગાજરનું જ્યુસ.**

૪. સેવા **વડીલો, ગુરુજનો.**

૫. પર્વ **લૌકિક, લોકોત્તર.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૧૦)**

૧. વૈજ્ઞાનિક દષ્ટિએ કંદમૂળ શું છે? કંદમૂળનો શા માટે ત્યાગ કરવો જોઇએ?

**વૈજ્ઞાનિક દષ્ટિએ કંદમૂળ એ તામસી ખોરાક છે. જે વાપરવાથી આપણી અંદર વિકારવૃત્તિ વધે, કષાય વધે, છે, ગુસ્સો વધે છે, માટે કંદમૂળનો ત્યાગ કરવો જોઇએ.**

૨. નાસ્તો કરતી વખતે શું કરવું? બીઝનેસ કરતી વખતે શું ધ્યાન રાખવું?

**નાસ્તો કરતી વખતે એક જ જગ્યાએ બેસીને, ઢોળાય નહિ તે રીતે વાપરવું અને ઢોળાય તો તરત જ સાફ કરી લેવું. બીઝનેસ કરતી વખતે ન્યાય, નીતિ અને પ્રામાણિકતાનું ધ્યાન રાખવું.**

૩. મજબૂત મનોબળ સમજાવો. **જો આપણું મન સ્ટ્રોંગ હોય, વીલપાવર સ્ટ્રોંગ હોય તો આપણે ડીફીકલ્ટ લાગતું કાર્ય પણ ઈઝીલી કરી શકીએ છીએ. એવરેસ્ટ પણ ચઢી શકીએ અને માસક્ષમણ પણ કરી શકીએ. ગમે એટલી ડીફીકલ્ટ એક્ઝામ હોય, એ પણ પાસ કરી શકીએ.**

૪. લૌકિક પર્વ શું છે ? **જન સામાન્ય બધા ઉજવે, ઈન્દ્રિયજન્ય આનંદથી ઉજવણી થાય, જલસા કરવામાં આવે, દેખાદેખીથી, પરંપરા મુજબ ઉજવવામાં આવે, આત્માને કર્મબંધ દ્વારા અશુદ્ધ બનાવે, ભવભ્રમણ વધારે.**

૫. જતના એટલે શું? **વિવેક, પાપ ન થાય તે માટેનો વિવેક, જીવદયાનું લક્ષ્ય, જીવો પ્રત્યે દયા અથવા કરુણાની ભાવના, પાપમય સંસારમાં રહેવાવાળા ગૃહસ્થો માટે પાપથી બચવાનો ઉત્તમ ઉપાય, પાપ પ્રવૃત્તિઓની વચ્ચમાં રહેતા પાપથી મુકત થવાના ઉપાય.**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૩)**

૧. વિનય ...... નું મૂળ છે. ...... ની સીડી છે. **ધર્મ, સફળતા**

૨. ...... અને ...... જીવન જીવવું. **નિ:સ્વાર્થ, પરોપકારમય**

૩. લોકોત્તર પર્વ ભગવાનના ...... અને ...... મુજબ ઉજવવામાં આવે. **ઉપદેશ, આદેશ**

**(૪) એક શબ્દમાં જવાબ લખો.** **(૨)**

૧. કંદમૂળ શું છે? **અનંતકાય** ૨. દરેક કાર્યની સફળતા માટે શું રાખવું જોઈએ? **ધીરજ**

૩. પર્વ એટલે **તહેવાર** ૪.જતના કરવાથી કયા કર્મ બંધાતા નથી? **નિકાચિત**

(૧૫)

**પ્ર. ૩ સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૮)**

૧. અશુભનામ કર્મ કેવી રીતે દૂર કરાય? **મન–વચન–કાયાથી શુભ પ્રવૃત્તિઓ કરવાથી, ઝગડા કે વિખવાદ ન કરવાથી, જગતના સર્વ જીવો માટે મંગલ ભાવના ભાવવાથી, પરોપકારના કાર્યો કરવાથી.**

૨. ભદ્ર પુણ્ય કેવી રીતે બંધાય છે? તેનાથી શું મળે છે? **જેટલો સમય ધર્મધ્યાનમાં વિતાવશો, પરમાર્થના કાર્યો કરશો એટલું ભદ્ર પુણ્ય બંધાય છે. તેનાથી આત્મશુદ્ધિ – મોક્ષ તરફ ગતિ કરવાના સાધનો અને અનુકૂળતા પ્રાપ્ત થશે.**

૩. જ્ઞાન વૃદ્ધિનો ત્રીજું અને દશમું કારણ લખો. જ્ઞાનની મહતા શું છે?

**૩) ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. ૧૦) મનને વશમાં રાખવાથી જ્ઞાન વધે છે. જ્યાં સુધી આચરણ શુદ્ધ ન થાય ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ સંભવ નથી. માટે જ્ઞાનની મહત્તા છે.**

૪. શાતા વેદનીય કર્મ કેવી રીતે બંધાય છે? **બીજા જીવોની દયા પાળવાથી, બીજા જીવોના દુ:ખ દૂર કરવાથી, સેવા–વૈયાવચ્ચ કરવાથી, બીજા જીવોને અનુકૂળતા આપવાથી.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. ...... અને ...... ના સિદ્ધાંતની શ્રદ્ધાથી આપણા રાગ–દ્વેષ ઘટે છે. **કર્મ, પુનર્જન્મ**

૨. ...... અને ...... નો ભેદ પ્રગટ કરનાર જ્ઞાનગુણ છે. **જીવ, અજીવ**

૩. જીવનમાં ...... અને ...... ન જોઈતા હોય તો પુણ્યના કાર્યો કરવા. **દુ:ખ, પ્રતિકૂળતા..**

૪. કાર્મણવર્ગણા જ્યારે ...... સાથે જોડાઈ છે, ત્યારે તેને ...... કહે છે. **આત્મા, કર્મ**

૫. ......, ...... આદિમાં અડચણ આપવાથી અંતરાય કર્મ બંધાય છે. **તપ, ધર્મની ક્રિયાઓ**

**(૩) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૩)**

૧. સંસારનો સમગ્ર વ્યવહાર પોતાના કર્મ અનુસાર જ થાય છે. **સાચું.**

૨. જ્ઞાન દીપક સમાન પર પ્રકાશક છે. **ખોટું. જ્ઞાન દીપક સમાન સ્વ-પર પ્રકાશક છે.**

**(૫)**

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાન આધારનીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ધર્મ અને વિજ્ઞાન શેનો વિષય છે? **ધર્મ શ્રદ્ધાનો અને વિજ્ઞાન ચોક્કસ પરિણામનો વિષય છે.**

૨. સમાચારી શેનો બોધ કરાવે છે? **સમાચારી સમ્યક્ વ્યવહારનો બોધ કરાવે છે.**

૩. સમાજ શું પામે છે? **સમાજ સુખ, શાંતિ અને સમૃદ્ધિ પામે છે.**

૪. ધર્મ શેનું જ્ઞાન આપે છે? **ધર્મ શરીર તથા આહાર વિશેનું જ્ઞાન આપે છે.**

૫. ધર્મ કોને મહત્ત્વ આપે છે? **ધર્મ સર્વ જીવો પ્રત્યે કરુણાભાવ, મૈત્રીભાવ અને ક્ષમાપનાના ભાવને મહત્ત્વ આપે છે.**

**(૧૦)**

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૭)**

૧. નિયાણું એટલે શું? **નિયાણું એટલે સંયમ અને તપના ફળને માંગી લેવું.**

૨. રાજેમતી કેવા હતા? **સ્ત્રીઓના શુભ લક્ષણોથી સંપન્ન, સુંદર દષ્ટિવાળી, ઉત્તમ જીવન જીવનારી અને ધાર્મિક સંસ્કાર સંપન્ન કન્યા.**

૩. અંદરની નેગેટિવિટી દૂર કરવા શું કરવું? **કોઈ વ્યક્તિ માટે નેગેટિવેટી હોય તો તેના સારા ગુણો શોધો અને ગુણને જ જુઓ.**

૪. કોને સર્વત્ર ગુણ દેખાય છે? **ગુણગ્રાહી દષ્ટિવાનને સર્વત્ર ગુણ દેખાય છે.**

૫. નેમકુમારે કેટલા રાજાઓ સાથે દીક્ષા લીધી? તેમને ક્યારે કેવળજ્ઞાન થયું?

**નેમકુમારે ૧૦૦૦ રાજાઓ સાથે દીક્ષા લીધી. તેમને ૫૪ દિવસની સાધના બાદ કેવળજ્ઞાન થયું.**

૬. માયા કરવી એ શું છે? **માયા કરવી તે અત્યંત પાપકારી કાર્ય છે. સામી છાતીએ નહિ, પણ પીઠ પાછળ ઘા કરવા બરાબર છે.**

૭. નેમ-રાજુલની કથા પરથી શું બોધ લેવાનો છે? **મારા ઋણાનુબંધના પાત્ર સાથે હું પણ એવી પ્રીતિ બાંધું જે મને સંસાર સાગરથી તારનારી બની રહે.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૩)**

૧. સારો માણસ શોધીને લાવો. **કૃષ્ણ વાસુદેવ દુર્યોધનને કહે છે.**

૨. મારા આ બળને જોઇ લે. **વિશ્વભૂતિ દ્વારપાળને કહે છે.**

૩. મનુષ્યનો ભવ મળવો ઘણો જ દુર્લભ છે. **રહનેમિ રાજેમતીને કહે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. રોજે **રોજે પ્રતિક્રમણથી, સંસ્કારો પડી જાય, અન્ય ભવમાં એ સંસ્કારો, પાછા પ્રગટ થઈ જાય,**

**પોતે તરે ને બીજાને તારે, તારક એ** કહેવાય.

૨. મેં દાન **દાન તો દીધું નહિ ને શિયળ પણ પાળ્યું નહિ, તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ**

**એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઇ પણ પ્રભુ નવ કર્યું, મારું ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું, નિષ્ફળ** ગયું.

૩. કા–કા **કરતો કાગડો, કોઇને કદી ના ગમે, કુંજન કરતી કોયલ, સહુના સદ્ભાવ પામે,**

**કર્કશ ભાષા ના બોલીશું, વાણીમાં મીઠાશ ઘોળીશું, કેવું બોલવું તેનો વિવેક** રાખીશું.

૪. ઠગવા **વિભુ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા, ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા,**

**વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું? સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી** રહું.

૫. એક શબ્દમાં જવાબ લખો.

૧) પાપકર્મોથી પાછા ફરવું **પ્રતિક્રમણ** ૨) મનને શેની ઉપમા આપી છે? **મર્કટ**

૩) શેનું મહત્વ સમજીએ? **વચન** ૪) માનને શેની ઉપમા આપી છે? **અજગર**

**જય – જિનેન્દ્ર**

- **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914DA**
- **FOR BOOKS AND EXAM REGISTRATION**